સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

માથાં વાઢી જાય છતાં પણ શાંતિથી ખમે છે,
પાકિસ્તાની આતંક શીંદેને ખૂબ જ ગમે છે,
દેખાય છે આતંક શીંદે મિંયાને 'હિંદુત્વ'માં -
કોંગી નેતાનાં ચાપલૂસીમાં મગજ ભમે છે..
(પાકિસ્તાની ડીએનએ ધરાવતા કોંગી નેતાઓ)

હાઈકુ

ચોર-લૂંટારા
ગૅંગો, બની બેફામ -
લૂંટે વિકાસ!
(બધામાં નંબર વન!

કરોડો માંથી,
પ્હોંચશે પ્રજા સુધી -
નવ્વાણું પૈસા!
(રાહુલનું સત્ય)

ચિંતન

સ્વાયત્ત મેકાન્તગુણં વિધાત્રા વિનિર્મિત છાદનમજ્ઞતાયાઃ ।
વિશેષતઃ સર્વવિદાં સમાજે વિભૂષણં મૌનમ પંડિતાનામ્ ॥

'વિધાતાએ સ્વાધીન, અત્યંત હિતકારક તથા ખાસ કરીને વિદ્વાનોના સમાજનું આભૂષણ સ્વરૂપ 'મૌન' મૂર્ખાઓની મૂર્ખતા ઢાંકવા માટે જ રચેલું છે.'

અહીં સ્પષ્ટ સંદેશ એ છે કે 'મૌન' મૂર્ખાઓની મૂર્ખતા ઢાંકવા માટેનું અમૂલ્ય સાધન છે.

આ શ્લોકમાં મૌનનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. મૌન - આપણા અજ્ઞાન - અને મૂર્ખતાને છૂપાવવા માટેનું ઉમદા સાધન છે. રામબાણ ઇલાજ છે. ખાસ કરીને જાણકારો-વિદ્વાનો વચ્ચે રહેનારે તો 'મૌન' જ ધારણ કરવું જોઇએ જેથી આપણા જ્ઞાનની બાંધી મુઠ્ઠી રહી જાય. વિદ્વાનો તો થોડા શબ્દો બોલાય ત્યાં જ બોલનાર કેટલાંક પાણીમાં છે તેનો તાગ પામી જાય છે. એટલે વિદ્વાનો વચ્ચે તો મૌન રહેવું સારૂં જ છે.

મૂર્ખની મૂર્ખાઇ દૂર કરવાનો ઇલાજ નથી. એટલે તે મૂર્ખાઇ છૂપાવવા 'વિધાતા'એ મૂર્ખા લોકોના ભલા માટે 'મૌન'ની રચના કરી છે એમ કહીં કવિ કહે છે.

જ્યાં સુધી કોઇ પૂછે નહીં, ફરજ ન પડે ત્યાં સુધી કોઇને પણ કંઇ કહેવું - સલાહ - માર્ગદર્શન આપવામાં નહીં. તમે વડીલ હો, સાંસા હો છતાં ય 'ફરજ' સમજીને પણ કંઇ કહેવું નહીં. 'મૌન' માં જ મજા છે.

સુવિચાર

- પૂરણપોળી સીધી રાખીને ખાવ કે આડી કરીને, પણ મીઠી જ લાગે, તેમ ઇશ્વરને સાકાર કે નિરાકાર રીતે ભજો, તેને પામશો જ - રામકૃષ્ણ પરમહંસ
- દુખ તો જેમ-તેમ કરીને તમે એકલા પણ ભોગવી શકશો, પણ સુખ માણવા માટે તો એમાં કોઇ ભાગ પડાવનાર તો જરૂર જોઇએ જ - માર્ક ટ્વેઇન
- 'અનુભવ' એ પોતાની ભૂલોને આપેલું નામ છે - ઓસ્કાર વાઇલ્ડ
- 'સ્ત્રી'ને ચાહી શકાય પણ એને સમજી ન શકાય - શરદ બાબુ
- જે કામ શાંતિથી ધીરજપૂર્વક થાય તે ક્રોધ કરવાથી થઇ નથી જતું - લોકમાન્ય ટિળક
- સમાજમાંથી જે લીધેલું છે તે પાછું આપે તે થોડો સજ્જન, તે શ્રેષ્ઠ માનવી છે, પરંતુ આખું જીવન સમાજ સેવાને સમર્પિત કરી દે છે તે સર્વશ્રેષ્ઠ છે - બર્નાર્ડ શૉ
- માણસની જરૂરિયાત કોઇ પણ સંજોગમાં ક્યારેક પણ પૂરી થઇ શકે પણ ઇચ્છાઓ-અપેક્ષાઓ કદી પણ પૂરી થતી નથી - એસ. ભટ્ટાચાર્ય

બોધ કથા

આજકાલ ગુંડા, ગુનાઇત નેતાઓ, સમાજની ગંદકીના આતંકીઓ એવા મજબૂત-બળવાન-ગૅંગ બનાવી બેઠા છે કે મોટા-મોટા નેતાઓ ને પણ ટકવું હોય તો એમનું શરણ સ્વીકારવું પડે! આવા નેતાઓ એકલા તો એમની સામે લડી ન શકે પણ ન્યાય-સંસદ અને કાયદાની મદદથી સમૂહમાં 'કૌવત' બતાવી બીજાને પડતા મારમાં ભાગીદાર તો થઇ શકે ને?!

બે નમ્ર-વિવેકી-સરળ મિત્રો શાળામાંથી છૂટી ઘેર જતાં હતા. ત્યાં એક બળુકો-તોફાની-લફંગો વિદ્યાર્થી એક મિત્રને કોઇ અપમાનના બદલામાં મારવા લાગ્યો. જમીન પર પાડીને લાતો મારવા લાગ્યો.

સાથે રહેલા મિત્રએ જોયું કે દુશ્મન બળુકો છે તેનો સામનો થઇ શકે તેવું નથી, પણ મિત્રને માર ખાતો જોતાં બેસી થોડું રહેવાય! એટલે એ વચ્ચે પડ્યો અને પેલો તગડો વિદ્યાર્થી જે લાતોનો પ્રહાર કરતો હતો તેનો પગ પકડી લીધો..

તગડા એ પૂછ્યું, શું છે? મારે તારી સાથે કંઇ લેવા-દેવા નથી, તું વચ્ચેથી હટી જા!

પેલા વિદ્યાર્થીએ કહ્યું, આ મારો મિત્ર છે તેને હું, તારો સામનો કરાવી બચાવી ન શકું, પણ તેના મારમાંથી અડધો ભાગ તો પડાવી શકું ને! હવે બાકીની લાત મને માર...

પેલો તગડો આશ્ચર્ય સાથે વિદાય થયો.

આ વિદ્યાર્થી પછીથી 'લૉર્ડ બાયરન' અંગ્રેજી સાહિત્યકાર તરીકે વિખ્યાત થયાં.

જે તન્મયતાથી દિવ્યા છાણ ભેગું કરતી એ જ તન્મયતાથી તે ભણી અને આજે ડૉ. દિવ્યા બની આકાશવાણીમાં ઉચ્ચ હોદ્દા પર બેઠી હતી, તેનાં લગ્ન પણ તેની જ જાતિનાં એક એન્જિનીયર સાથે થઇ ગયાં હતા

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

'અરે ગોબરી તું'

'ચુપ કોઇ સાંભળી જશે'

'સાંભળી જશે તો શું? શું તું મારી બાળપણની બહેનપણી ગોબરી નથી?' રેખાનો સામાન્તવાદી દંભ બોલી રહ્યો હતો.

'ઉ..હું... અહીં ડૉ. દિવ્યા છું અને આ આકાશવાણીની કચેરીમાં એક એક્ઝીક્યુટીવ ઓફીસરના હોદ્દા પર કામ કરૂં છું. મારા હાથ નીચે અહીં દશ કર્મચારીઓ કામ કરે છે. મારી નેઇમ પ્લેટ જો, ખેર! જવા દે એ વાત, તું કહે તું કેમ છે?'

રેખાને પોતાને માટે 'તું' શબ્દનું સંબોધન સાંભળી એકદમ ખીજ ચડી. 'મેમ સાહેબ' કહીને બોલાવનારી ગોબરી આજે તેને 'તું' કહીને સંબોધી રહી હતી. પરંતુ રેખા અત્યારે લાચાર હતી. તેણે પોતાની ખીજ છુપાવવા કહ્યું, 'સારૂં છે. આકાશવાણી પરથી પ્રસારિત થતા 'યુવવાણી' કાર્યક્રમ માટે 'ઓફર' મળી છે. હમણાં અગિયાર વાગ્યે મારૂં રેકોર્ડીંગ છે.'

ડૉ. દિવ્યા હવેલીમાં રહેતી રેખાના વર્તમાન જીવન અંગે પહેલેથી જાણતી હતી. બાળપણમાં અને કિશોરાવસ્થામાં રેખા અહંકારવશ કરવામાં આવેલા અપમાનનો બદલો લેવા ડૉ. દિવ્યા કોઇ મોકો શોધી રહી હતી. દિવ્યા એ જાણી જોઇને રેખાને 'યુવવાણી'ની ઑફર મોકલાવી હતી. જેથી એ બ્હાને પ્રત્યક્ષ મુલાકાત શક્ય બને. પરંતુ આજે 'ગોબરી' ને ડૉ. દિવ્યા રૂપે જોઇને રેખાની આંખો ફાટી ગઇ હતી.

આ દરમિયાન રેખાને 'રેકોર્ડિંગ રૂમ'માં બોલાવી લેવામાં આવી. પરંતુ તેના મુખમાંથી સરી પડેલ 'ગોબરી' શબ્દે દિવ્યાને અતિતમાં ધકેલી દીધી. જેને તે સદાને માટે ભૂલી જવા માંગતી હતી. તે પોતાના અતિતમાં ખોવાઇ ગઇ.

તેનું અસલી અને જન્મથી નામ દિવ્યા જ હતું. પણ તેને એ નામથી કોઇ ઓળખતું ન હતું. તે દિવ્યામાંથી 'ગોબરી' કઇ રીતે બની અને 'ગોબરી'થી ડૉ. દિવ્યા કઇ રીતે બની એની વાત બહુ લાંબી છે.

તે સમયે એ માત્ર છ વર્ષની હતી. તેની માતાની એકની એક દીકરી. જેના ભરણપોષણ માટે તેની માતાને છાણ વીણવું પડતું હતું. છાણ વાસીદાંનું કામ કર્યા પછી છાણમાંથી એ છાણાં થેપતી જે સુકાઇ જતાં તે વેચતી તેમાંથી મા દીકરીનું ગુજરાન ચાલતું. દિવ્યાના બાપુનું ઝેરી દારૂ પીવાથી મોત થઇ ગયું હતું. ત્યારથી એ બંને નિરાધાર હતા.

દિવ્યા એવી જાતિની હતી જે અન્યાય પર આધારિત સામાજિક વ્યવસ્થામાં ચોથા નંબરે શુદ્ર જાતિમાં પણ આવતી ન હતી. તેની તો વર્ણવ્યવસ્થામાં કોઇ જગા જ ન હતી. તે એની બહારની જાતિની અછૂત કન્યા હતી. જેને અડકતાં કે તેનો પડછાયો પડી જતાં પણ ઉચ્ચવર્ગના લોકો અભડાઇ જતાં હતા.

દિવ્યા ઉઠે તે પહેલાં તેની મા બે સુંડલા ભરીને છાણ ભેગું કરી લાવતી હતી. પછી આવીને દિવ્યાને જગાડતી. પછી બંને મળીને છાણામાંથી અનાજના દાણાં વીણતી, તેને ધોઇને તડકામાં સુકવી દેતી. પછી એ છાણમાં થોડું ઘાસ ભેળવી છાણા થેપતી જેતી તે બરાબર સળગે અને જથ્થો પણ થોડો વધે. આ કામમાંથી નવરી પડતાં એ દિવસ પુરતાં ચાલે તેટલા રોટલાં બનાવી લેતી. રોટલા ખાઇને માં દીકરી ફરીથી છાણ વીંણવા નીકળી પરતી. શાક તો કોઇ વાર બનતું. નહીંતર ડુંગળી કે મરચાંથી કામ નીકળી જતું. શાક બનાવવાની તસ્દી દિવ્યાની માંએ ભાગ્યે જ લીધી હોય એવું બનતું. ક્યારેય ક્યારેક એક જંગલી છોડ 'કુવાડીયો' જે કડવો હોય છે. તેનું શાક તેમનાં ભાગ્યમાં આવી જતું. બાકી તો મરચું અને ડુંગલી ભાંગીને રોટલા સાથે એ ખાઇ લેતા. ક્યારેક ક્યારેક શાક વેચવાવાળાએ રસ્તા પર ફેંકેલ ફૂલાવર કે કોબીજના પાનનું શાક બનતું. ક્યારેક વળી દિવ્યા પોતે આંબળીના ઝાડ પરથી કાચી આંબલીના કાતરા તોડી બાળીને માંને આપતી તો તેમાંથી વઘાર કર્યા વિનાની કઢી બની જતી. છાણમાંથી ભેગું કરેલું અનાજ દિવ્યાની માં તેની હાથે પોતે ઘંટીમાં દળતી. અને તેના લોટનાં રોટલા બનાવી ખુબ જ મજેથી માં-દીકરી ખાતી. આ રીતે આ લોકો પોતાનો જઠરાગ્નિ શાંત કરતાં.

દિવ્યા અને તેની માંનો આ દૈનિક ક્રમ હવેલીમાં રહેતી તેની જેવડી જ ઉંમરની બાળકી રેખા જાણતી હતી. રેખા અને તેની માંના ઉતરેલ કપડાં એ દિવસોમાં તે બંનેને મળી જતાં હતા. જેતી તેમને કપડાંનો કોઇ ખર્ચ કરવો પડતો ન હતો.

દિવ્યા જયારથી સમજણી થઇ ત્યારથી તેની માંને તેનાં કામમાં પૂરેપૂરી મદદ કરાવતી હતી. માને ક્યારેય કંઇ કહેવાનો મોકો ન આપતી કે ન તો કે ક્યારેય રેખાની જેમ રમવાની જીદ કરતી. પરિસ્થિતિ એ તેને 'બાલ પૌઢા' બનાવી દીધી હતી.

દિવસે ખાવાનું બનાવ્યા પછી દિવ્યા તેની મા સાથે છાણ ભેગું કરવા નીકળી પડતી. માંની આગળ આગળ દોડીને પોતાના નાનકડાં હાથે સળેકડું કે કાંકરો એ છાણમાં ભરાવીને આગળ નીકળી જતી. દિવ્યાની માંને તેની નાનકડી દીકરી છાણ ભેગું કરવામાં મદદરૂપ થતી હતી. મા કયારેક તેને કામ વધારે હોય અથવા મહેમાન આવ્યા હોય ત્યારે આવી ન શકે તો દિવ્યા પોતે માથે નાની ટોપલી લઇને છાણ ભેંગુ કરવા નીકળી પડતી અને પોતાની ઉંમર કરતાં વધુ ભાર ઊંચકીને પાછી ફરતી. ત્યારે તેની ગરદન દબાઇ જતી. બાળપણમાં જ આટલું બધું વજન ઉપાડવાને કારણે તેની ઊંચાઇ તેની ઉંમરના પ્રમાણમાં ઓછી રહી ગયેલ.

છાણ ભેગું કરનારાંને પણ તેના નિયમો અને ઉપનિયમો હોય છે. તે તોડે તે બેઇમાન ગણાય. તેમનાં નાના નાનાં કામો ઇમાનદારી પર જ ટકેલી હોય છે.

છાણ એકઠું કરનારાંઓનો એક નિયમ એવો છેકે જેણે પોદળો પહેલાં જોઇને કહી દીધું કે આ મારો છે અને દોડીને તેમાં સાંકેકળું ભરાવી દે તેનો તેના પર અધિકાર થઇ જતો હતો. પછી એ પોદળાને એ જયારે ઇચ્છે ત્યારે ઉપાડે, જે બીજાં છાણ ભેગું કરનારા ત્યાંથી નીકળે એ તેને અડે પણ નહીં. અને આગળ જતાં રહે. તે સમયનો એ ગરીબ સમાજ પોતાની પુરી ઇમાનદારી અને નૈતિકતાને આધારે ચાલતો હતો. એ જ રીતે સવારનાં જંગલમાં ચરવા જતી ગાયો ભેંસો અને સાંજે પાછી ફરતી ગાયો ભેંસો ચાલતાં ચાલતાં પોદલો કરે તેને જોઇ બોલી દીધું કે આ ગાય મારી છે. તો તેનો પોદળો જેણે પહેલાં જોયો તેનો થઇ જતો. આ રીતના નિયમોને કારણે છાણ ભેગું કરનાર વચ્ચે ઝઘડો કે અણબનાવના પ્રસંગો ભાગ્યે જ બનતા હતા. આ ગરીબ સમાજમાં એ સમયે સૌહાદપૂર્ણ વાતાવરણ હતું.

આ સિવાય દિવ્યા જયારે ઘરની આજુબાજુ સવારે કે સાંજે ગમે ત્યારે છાણ જોઇ જતી તો તરત જ એક મોટો વાટકો લઇ તેમાં છાણ લઇ આવતી. જે જોઇને તેના પાડોશીઓ અને નજીકની હવેલીવાળાં તેની બાલસુલભ ચંચળતા જોઇને હસતાં 'વાડકામાં તો કોઇ છાણ ભેગું કરાતું હશે. વાડકો તો ભીખ માંગવાના કામમાં આવે.'

હસતાં હસતાં કરવામાં આવેલ આવા કટાક્ષ નાની દિવ્યાના સ્વાભિમાન પર ઘા કરી જતા પણ તે કોઇની પરવા કરતી નહીં. તે મનમાં વિચારતી કે અમે મહેનત કરીને રોટલો ખાઇએ છીએ. તેમની જેમ ચોરીને ઠગાઇનો કરતાં નથી ને? મહેનત કરવામાં શરમ કેવી? અને એ ફરી પોતાના કામમાં પરોવાઇ જતી.

દિવ્યાના મજબુરીમાં કરવા પડતાં આવાં કામને જોઇને રેખા તેને ગોબરી કહીને ચીડાવતી. રેખાએ આપેલું આ ઉપહાસાત્મક સંબોધન દિવ્યાને એવું વળગી ગયેલું કે તે આજ સુધી તેમાંથી છૂટી શકી નથી. બધા તેનું હુલામણું નામ સમજી 'ગોબરી ગોબરી' કહેવા લાગ્યાં. એ રીતે જાણે કે દિવ્યા ખોવાઇ ગઇ અને ગોબરી રહી ગઇ.

દિવ્યા ખુબ મહેનતુ હતી. તે દરેક કામ ખુબ જ લગનપૂર્વક અને નિષ્ઠાથી કરતી. તે કોઇ કામને બોજારૂપ કે નકામું ન સમજતી. દરેક કામમાંથી એ કંઇક શીખતી હતી.

દિવ્યા જયારે આઠ વર્ષની થઇ ત્યારે તેણે તેની માંને ભણવા માટે કહ્યું, 'દિવ્યાની મા પણ પોતાની એકની એક દીકરીને ભણાવવા માંગતી હતી. તેણે નજીકની પ્રાથમિક શાળામાં તેને દાખલ કરી દીધી. રેખા પણ એજ સ્કૂલમાં ભણતી હતી. તેણે ત્યાં પણ એનો પીછો ન છોડ્યો. તે કહેતી કે 'અરે! ગોબરી તું ભણીગણીને શું કરવાની? તારે કયાં કલેકટર બનવું છે. એ કામ તો અમારૂં છે. આ હવેલી જોઇ અમારાં પૂર્વજોની નિશાની છે. તે રાજના કારભારી હતા.'

'હું ભણીને મોટી ઓફિસર બનીશ ને આવી જ હવેલીમાં રહીશ, દિવ્યાએ બાળસહજ ઉત્તર આપ્યો.'

રેખાએ હંસીને ફરી ઉપહાસ કરતાં કહ્યું' તું ને ઓફિસર, અત્યારથી હવેલીના સપનાં જોવા લાગી. મારા પપ્પા કહે છે કે તમે નીચાં છો. તમને તો હવેલીમાં આવવાનો હક્ક નથી.'

દિવ્યાના બાલ માનસે એ વાતે હાર માની નહીં. પણ અંદર ને અંદર ચમચમી ઉઠી. છેવટે તો રેખા તેની 'મેમ' હતી. જેના દ્વારા શાકભાજી કે ફ્રોક અને અન્ય કપડાં મળતાં. તેણે કહ્યું, 'મારી મા કહે છે કે ભણવાથી માણસ જે ઇચ્છે તે થઇ શકે છે. તેથી માટીમાં છાણ ભેગું કરીને અને કપડાં સીવીને મને ખુબ ભણાવવા માંગે છે. તું કહેતી હોય તો કાલથી આપણે બંને સાથે જઇશું.'

'ના...ના... તારી સાથે હું કઇ રીતે આવુ. તું તો હલકી જાતિની છે. હું રાજગોર એટલે બ્રાહ્મણ કન્યા છું. તું અને હું સાથે? મારે માટી આબરૂ ખોવી નથી.'

દિવ્યાને નાત-જાતમાં સમજ પડતી ન હતી. તેણે આ વાત તેની માં ને કરી અને ઊંચનીચનો ભેદ પુછવા લાગી. પોતાની દીકરીને હિન ભાવનાગ્રસ્ત થતી જોઇને દિવ્યાની માંએ હવેલી નજીકની ઓરડીમાં રહેવાનું છોડી દીધું. તેણે હવેલીથી દૂર દશ રૂપિયા ભાડેથી એક ઝૂંપડું ભાડે લીધું. દિવ્યાને એ સ્કૂલમાંથી ઉઠાવી લઇ બીજી સ્કૂલમાં દાખલ કરી. એ રીતે રેખા અને દિવ્યા હંમેશ માટે અલગ થઇ ગઇ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રજાસત્તાક દિન : ફિવર દેશદાઝનો, પ્રજાની સત્તાને ઉજવવાનો રૂડો અવસર...!!

દેશનાં માલિકોની દીકરી જયારે દિલ્હીની બસમાં રાતે પ્રવાસ કરશે અને દીકરો જયારે પાકિસ્તાન બોર્ડરે માથું કપાવશે ત્યારે ભારતનાં બંધારણમાં ઝડપી ફેરફાર આવશે

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ગુજરાતના ઈલેકશન ગયા, પરિણામો આવ્યા, મંત્રીઓ કામે લાગ્યા, વિશ્વને અંચબામાં નાખતો વાઈબ્રન્ટ મહોત્સવ પત્યો, કાપાકાપીનો ઉત્તરાણનો પર્વ ગયો અને જોતજોતામાં ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિન આવીને ઊભો રહ્યો... સોસાયટીમાં આ વખતે ધ્વજવંદન કાર્યક્રમની જોરદાર તૈયારી થતી હતી અને એના માટેની ઉઘરાણી પણ... સોસાયટીમાં ચહલ પહલ વધી ગયેલી અને વાતાવરણ પણ ઉત્સાહભર્યું હતું...

'વિર' માત્ર એની પથારીમાં હજી સૂતો હતો, આંખો પર તડકો આવવાં લાગેલો એટલે આળસ મરડતાં પડખું ફેરવી સૂર્ય પર ઉપકાર કરતો હોય એમ માથા પર ગોદડી ઓઢી લીધી... વિર ના પપ્પા 'આઝાદ' બાજુમાં જ ખુર્સીમાં બેઠાં બેઠાં વિરના ઉઠવાની રાહ જોતાં પેપર વાંચી રહ્યાં હતા. એમની એ આશા નિષ્ફળ જતી દેખાઇ એટલે આખરે થાકીને ખુર્સીમાંથી ઊભા થયા અને બાળમાનસ શાસ્ત્રના નિયમનો અમલ કરતાં શક્ય એટલાં પ્રેમાળ - ભાવાર્થ - લાડકાં શબ્દોથી બૂમ પાડી, "વિર" બેટા ઊઠો. જુઓ પૂર્વમાં સૂર્યનારાયણનું આગમન થઈ ચૂક્યું છે. એણે એના સોનેરી કિરણોથી વિશ્વને ચળકતું કર્યું છે... વગેરે વગેરે... બોલતાં એમણે એમનાં બાળપણથી કવિતામાં વાંચેલા અને યાદ રહેવાં વર્ણનો 'વિર'ની પથારી પાસે બેસી સંભળાવતાં રહ્યાં...

છેલ્લા વિરના પથારીમાં હલચલ થઈ દેખાઈ 'આઝાદ' એકદમ ખુશ થઈ ગયા. અરે વાહ, વિર - તો હવે તું ઉઠે છે ને? વિર આળસ ભર્યા સ્વરે બોલ્યો, 'સૂર્ય રોજો જ ઉગે છે, આજે શું વિશેષ છે? મને ઊંઘવા દો અને તમારાં પેલા પ્રભાતિયાં મમ્મીને સંભળાવો...'

પણ વિરનાં પપ્પા આઝાદે હિંમત હારી નહીં. એણે એના પલંગ પાસે ખુરશી ખસેડી અને પ્રેમાળ શબ્દોથી બોલ્યાં, 'વિર, અરે આજનો દિવસ મહત્ત્વનો છે. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આવી જ સવારે ભારતની જનતાએ દેશનાં બંધારણનો સ્વીકાર કર્યો અને એક ભવ્ય પ્રજાસત્તાકનો જન્મ થયો. આ ઘટનાને ૬૪ વર્ષ પૂરા થવાનાં છે... એટલે આજની સવાર સોને કી ચિડીયા સમાન છે. પોતાના ભાવવાહી ભાષણની વિર પર શું અસર થાય છે એ જોવા બાપ આઝાદ એની પથારી સામે ટક લગાવી જોવા લાગ્યો...'

પડખું ફેરવ્યા વગર જ વિર ગરજયો, 'પ્રજાસત્તાક, શેનાં પ્રજાસત્તાક? પ્રજાસત્તાકનો અર્થ ખબર છે તમને? ચાલે છે અહીં રાજય પ્રજા માટે? આ સત્તા શું પ્રજા ચલાવે છે? દીકરા વિરનું આ દેશદાઝથી ભરાયેલા મનનો ઉભરો જોઇ પિતા આઝાદ ડઘાઇ ગયા, પણ એમણે એમ હિંમત હારી નહી...'

વિર, આપણે દર પાંચ વર્ષે મતદાન કરીએ છીએ. એ મતદાન પર તો આપણાં લોક પ્રતિનિધિ ચૂંટાઇ આવે છે. એ આપણી સરકાર બનાવે છે. આ સરકાર પાંચ વર્ષે અથવા ક્યારેક આગળ - ઉપર ચૂંટણી દ્વારા ફરી ફરીને જનતાનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે એ પ્રજાની, પ્રજા માટે ચાલતી સરકાર કહેવાય કે નહીં? આઝાદે હુકમનો એક્કો મારી વિરને મહાત કર્યાનું હાસ્ય મોં પર આવે એ પહેલાં તો પલંગ પર પડી રહેલો વિર એક ઝાટકે ગોદડું ફેંકી પલંગ પર બેઠો થઇ ગયો...

વિર ઊઠી ગયો, એમાં વિરના પિતા આઝાદનો વિજય હતો. પણ વિર આક્રોશથી બોલ્યો, 'અમે આપીએ છીએ અમારાં લોકપ્રતિનિધિ ચૂંટીને? તો ચૂંટણીની આગલી રાત્રે કપડાં, દારૂ અને લીલાં હસતાં ગાંધીજીની ૫૦૦ની નોટો વહેંચવાની જરૂર કેમ પડે છે? ઘરે ઘરે ફરીને મતો

માટે દાસ હનુમાન બનતાં આ પરાક્રમી વિજય બાદ વીર હનુમાન કેમ બની જાય છે? પછી બીજા પાંચ વર્ષ એ ક્યાં ગાયબ થઇ જાય છે? પોલીસ સ્ટેશનમાં ગુંડાઓને છોડવવાં અને બિલ્ડરોને અવનવાં કોન્ટ્રાક્ટ અપાવવા જ કેમ વ્યસ્ત થઈ જાય છે? સી.એન.જી.ના ભાવ વધે છે. ત્યારે કેમ કોઈ માઈનો લાલ વિરોધમાં નથી આવતો? ખુલ્લેઆમ ચોરીઓ થાય, ધનવાન એક્સિડેન્ટ થાય ત્યારે આ ગરીબડી પ્રજાને બચાવવાં કેમ કોઈ આગળ નથી આવતું?'

તેઓ જો પ્રજા માટે કામ કરતાં હોય તો 'પોટા' જેવા કાયદો કેવળ બહુમતીના જોરે રદ કેમ થાય છે? સંસદ ભવન પર હુમલો કરનારાં અફઝલ ગુરૂની ફાંસી માટે લોકપ્રતિનિધિ એક થતાં નથી. પણ પોતાના વેતન - ભથ્થા વધારવાનું વિધેયક કેમ રોકટોક - વિરોધ વગર પસાર થઈ જાય છે? આ બધું છોડો, હમણાં દિલ્હીમાં બસમાં એક છોકરી પર ગેંગરેપ થાય, એ મરી જાય તો એના દોષીને જાહેરમાં સજા કરવામાં પાછીપાની? પાકિસ્તાન બોર્ડર પર આપણાં જવાનોનાં માથાં વાઢી લેવાય અને આ નમાલા નેતા અમે જવાબ આપશું એવાં વિધાન કરે, અરે એમનાં માથાં વાઢવામાંય ઢીલાશ? ... આ બધી શું પ્રજાનાં સત્તાનાં લક્ષણો છે? બોલો મારા આઝાદ પિતા??

વિરનાં પપ્પા આઝાદને આ બાઉન્સર ઝીલવા મુશ્કેલ થઈ ગયાં તો જવાબ આપવો તો દૂરની વાત જ હતી. પણ તોય વિરનાં પપ્પાએ પરાજય માન્ય કર્યો નહીં, 'વિર, ભારતીય પ્રજાસત્તાક હજી નવું છે. બ્રિટીશ લોકશાહીને ૪૦૦ વર્ષ, અમેરિકન લોકશાહી ૨૦૦ વર્ષની પરંપરા છે. આપણી આજુબાજુના દેશ જો નેપાલ, બાંગ્લાદેશ, શ્રીલંકા, પાકિસ્તાન આ બધાં દેશોની ઘટનાઓ જો, કેટલી વખત બદલાઈને? આપણી આ વ્યવસ્થા ૬૩ વર્ષથી ટકેલી છે? એ શું આ પ્રજાસત્તાકનું સામર્થ્ય અને રાજયકર્તાનો કસબ ખરો કે નહીં? આઝાદનો જવાબ જોરદાર હતો.'

પણ વિર પણ બાપ આઝાદ સામે એટલો જ જીદે ચઢ્યો હતો. 'બરાબર છે ૧૯૫૦ ડૉ. બાબા સાહેબ આંબેડકરે બંધારણ બનાવ્યું, એમાં સો વખત સુધારાં થયા, અનેક કલમો કાઢી નાંખી, અનેક નવી આવી, કેટલીક સુધારાઈ, આવું કહીને તમે કોને છેતરો છો? વિશ્વને કે તમારી જાતને?

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૩મી જાન્યુઆરી

- તુમ મુઝે ખૂન દો, મૈં તૂમ્હે આઝાદી દૂંગાની બુલંદ ઘોષણા કરનારા સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ - ૨૩-૧-૧૮૯૭. આઝાદ હિંદ સરકારની સ્થાપના કરી. અંગ્રેજ સરકારને જોરદાર લડત આપી.

૧૯-૮-૧૯૪૫નાં રોજ સાયગોનથી વિમાન માર્ગે જતાં રસ્તામાં વિમાન તૂટી પડવાથી તેઓનું અવસાન થયું કે ગુપ્તવેશે કંઇક ચાલ્યા ગયા તેની કોઇને ખબર નથી.

- ૧૯૪૯ - એમ.ટી.બી. કોલેજ સુરતમાં આચાર્ય વિનોબા ભાવેએ યાદગાર ભાષણ આપ્યું.
- ૧૯૨૩ - ભાષાવિદ્ વિદ્યાપુરૂષ પ્રબોધ પંડિતનો વલ્લભીપુર પાસે જન્મ થયો.
- ૧૮૨૩ - શીતળા રોગની રસીના શોધક એડવર્ટ જેનરનું અવસાન.
- ૧૯૫૬ - બ્રિટીશ સિનેમાંના પિતા એલેક્ઝાંડર કોર્દાનું અવસાન.

જેમ દરેકનું સુખ અલગ અલગ હોય છે તેમ સૌનું દુઃખ પણ આગવું હોય છે ત્યારે એકની સમજણ બીજાને કામ નથી આવતી, કે એક જ ચાવીથી બધા તાળાં ખુલી શકતાં નથી

પારિજાત

- રેખા ભટ્ટ

બજારમાંથી હું ચશ્મા લઇ આવ્યો,
ને બિલ પેટે મારી બેઉ આંખો દઇ આવ્યો.

- રમેશ પારેખ

આવું થાય છે ક્યારેક! પારકાનું કંઇ ઉછીનું લેવા જઇએ તો આપણું પોતાનું હોય તે પણ ખોવાઇ જાય. ચાહે તે સ્વમાન હોય કે સમજણ.

ગમે તેટલું મથીએ તો પણ બીજાનું કંઇ પણ આપણા કામમાં આવતું નથી. જિંદગીમાં ડગલેને પગલે જયારે જાત જાતની કસોટીઓમાંથી પાર ઉતરવાનું થાય ત્યારે પોતાની કોઠાસૂઝ જ કામમાં આવે છે. કેમ કે, બીજાની વાતો કે સલાહો તેમના અનુભવમાંથી નીપજેલાં હોય છે એ જ બાબતમાં આપણો પોતાનો અનુભવ અથવા એ ઘટનાનો સામનો કરવાની રીત અલગ હોઇ શકે.

પ્રત્યેક ઘટના માટે દરેકની વિચારવાની - માણવાની - સમજવાની દરેકની દૃષ્ટિ અલગ જ હોય, જેમ કે -

- ગરૂડને પૂછીએ કે "તારૂં માનીતું ગીત કયું?"
"ઊંચા પર્વતોનું"
- દરિયાઇ પંખી, તારૂં માનીતું ગીત કયું?
"નીલા સાગરનું"
- કાગડા, તારૂં માનીતું કયું?
"જંગના મેદાનમાં પડેલા લહેજતદાર મદ્દાનું"

એટલે - કોઇને પર્વત ગમે તો કોઇને સાગર - પસંદગી અને ખ્યાલ સૌના પોતપોતાના હોય ત્યારે બહેતર છે કે આપણી પોતાની સૂઝ પ્રમાણે વર્તવું.

સાથે સાથે એવું પણ બને છે કે કોઇ પણ ઘટના કે બનાવ ને આપણે આપણી રીતે જ મૂલવીએ છીએ. જેવું આપણને દેખાય કે સમજાય તેવું જ તેનું અર્થઘટન કરી શકીએ છીએ. આપણી માન્યતાઓ કે સમજણથી સહેજ અલગ થઇને કોઇ પણ પરિસ્થિતિ તટસ્થ રીતે જોઇએ ત્યારે જ સાચું મૂલ્યાંકન થઇ શકે. નહીંતર એવું બને કે આખો દરિયો જોઇને તેના માટે વર્ણન કરનાર વ્યક્તિ દરિયા સામે ચણેલી દિવાલમાં પડતી નાનકડી બારીમાંથી જૂએ અને પછી દરિયાની વાતો કરવા જાય તો કેટલે અંશે સાચી પડે?

ખલિલ જિબ્રાને "અફાટ સાગરની શોધ" એ કથામાં જુદી જુદી વિચારસરણીનું દર્શન કરાવ્યું છે, કે એક જ દરિયો - તેને સૌ કોઇ અલગ રીતે સમજે છે અને વર્તે છે.

જેમ કે, એક માણસ દરિયા કિનારે મીઠાનો કોથળો લઇને બેઠો છે અને થોડી થોડી વારે મૂઠી ભરીને મીઠુ નાખે છે. દરિયામાંથી મીઠું ખૂટી ન જાય એટલે!

બીજો માણસ દરિયાની ખારાશ ઘટાડવા અવારનવાર થોડી થોડી સાકર દરિયામાં ઉમેરતો જાય છે.

ત્રીજો માણસ મરેલી માછલી દરિયામાં જઇને સજીવન થશે એવી આશાથી દરિયામાં વહેલી મૂકતો હતો.

ચોથો માણસ, રેતીમાંથી પોતે સર્જેલી કલાકૃતિ ધોવાઇ ન જાય એટલે રેતીમાં પાળ બાંધવા મથતો હતો.

આમ, સૌ પોતપોતાની મનોવૃત્તિ મુજબ વર્તતા હતા. આખા દરિયાની કે સમગ્ર જીવનની માણવાની દૃષ્ટિ તેમનામાં નથી તે સહેજે જણાઇ આવે છે.

દરિયામાં મીઠું નાખનારા નિરાશાવાદી કે સાકર નાખવાથી ખારાશ ઘટશે એવું સમજનારા આશાવાદી - કોઇને પણ સાચા ન માની શકાય. કેમ કે, આપણી આસપાસની દુનિયા સાચા અને ખોટાં